# Fun with Family

Day-55 | 23 May, 2020



## “FWF Song”

હે, નાના સાંભળો, મોટા સાંભળો
લાંબા ને ટૂંકા પણ સાંભળો...
લોકડાઉનમાં આનંદ કરવાનો ઉપાય
એક મજેદાર સાંભળો...
જેમાં રમત, કોયડા, પ્રયોગ,
વાર્તા આ બધું છે સાથે સાથે...
Fun with Family માં એક સાથે...





## “Become Adarsh”

બાળમિત્રો, આદર્શ બાળકને કેવી ટેવ
હોવી જોઈએ? એક સુંદર વિડીયો દ્વારા
તે જોઈશું... અને તેવા ‘આદર્શ’
બનવા પ્રયત્ન કરીશું...
લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/36my3dz

## ‘‘ફૌજી બચ્ચા’’

વાહ! આ રમત તમને
ખૂબ જ ગમશે...
જલ્દી લીંક દબાવો અને પરિવાર
સાથે મળી રમત રમો...

https://bit.ly/2Xg6puE



## “Master Blaster”

આજે BAPS ના બાલિકા સભ્ય આપણને ‘બટેટા પૌંઆ’ કેવી રીતે બનાવવા? તે શીખવાડશે... લીંક દબાવો અને શીખો... પણ હા, ઘરના સભ્યોને જમાડીને તેઓ ૧૦૦ માંથી કેટલા માર્કસ આપે છે તે અમને જણાવજો... Good Luck Little Cook...



https://bit.ly/3g8m9Zn



## “BAPS STAR”

ચાલો, હજુ એક ‘STAR’ની મુલાકાત લઈએ... અમદાવાદના રહેવાસી આ બાળમિત્ર સૌથી જુદા છે... લીંક દબાવો અને માહિતી મેળવો...

https://bit.ly/2ypxTpj

## ‘‘જય અક્ષરપુરુષોત્તમ’’

બાળમિત્રો, આજે આપ સૌને ‘આરતી’ કેટલી મોઢે છે તેની પરીક્ષા થશે... ગભરાશો નહિ એકદમ સહેલી પરીક્ષા છે... લીંક દબાવો અને ક્વીઝમાં ભાગ લો...

https://bit.ly/3cZZxYY



## "મમ્મીનો લાડલો"



આપણે મમ્મીના લાડલા છીએ બરાબરને..?
મમ્મી આપણને ખૂબ પ્રેમ કરે છે...
ચાલો, આજે મમ્મીને એક Gift આપીએ
અને તેમને રાજી કરીએ...
લીંક દબાવો અને Gift બનાવતા શીખો...

https://bit.ly/3e808If

## "સંપેલો પરિવાર"

મમ્મી-પપ્પા, દાદા-દાદી,
કાકા-કાકી, ભાઈ-બહેન
બધાને બોલાવીને
આ રમત રમાડો...
ખૂબ મજા આવશે...
લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2LUCJOc



## "ઊંચી ઉડાન"



બાળમિત્રો, પક્ષી જેવી
પાંખો પહેરી ઘરના સભ્યોને
આપણું નવું રૂપ દેખાડીશું...
બહુ મજા આવશે...
હવે તમે કેટલા ક્રિએટીવ છો
તે ખબર પડશે...
Best of Luck...

# "My Guru, My Life"


આજે ગુરુહરિ મહંતસ્વામી મહારાજના વિશેષ દર્શન કરીશું...
લીંક દબાવો અને વિશેષ ફોટોગ્રાફ માણો...



https://bit.ly/2WSPMWQ


"Happy Family"
Elephant Family
Fun with Family


# "મગજમારી"





**બાજુના ચિત્રમાં દેખાતા ૯ નાના ચિત્રોમાં કયા ચિત્રની કોપી નથી થઈ તે જણાવો...**

Fill In Box:-

1. 13 + ☐ − 7 = 8
2. 5 + 4 + 3 = ☐
3. ☐ + 6 − 4 = 5
4. 8 − 1 + ☐ = 11
5. 10 − ☐ − 3 = 0




# "ડોસાએ ગામ બચાવ્યું"




જાપાન દેશની આ વાત છે. ત્યાંના એક દરિયાકિનારે એક મોટી ટેકરી હતી. આ ટેકરી પર ખેડૂતોનું એક ગામ હતું. દરિયાની એક તરફ તળેટીમાં ગામલોકોનાં ખેતર હતાં. સવારે વહેલાં ઊઠી લોકો ટેકરી ઊતરી ખેતરના કામે વળગી જતાં ને સાંજ પડ્યે પાછા ઘેર આવતાં. નાનાં-મોટાં સૌ કામ પર જાય. માંદું હોય તે જ ઘેર રહે.


એક દિવસ બધાં કામે ગયાં હતાં. એક ડોસાને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. બધાં એને સમજાવવા માંડ્યાં કે તાવમાં કામ કરવું સારું નહિ. પણ ડોસાને તો કામ વિના ચેન પડે નહિ. એ કદી માંદો પડતો નહિ. માંદા પડવાની એને શરમ આવતી હતી. પણ ન છૂટકે એને ઘેર રહેવું પડ્યું.





ડોસાની નજર દરિયા ઉપર પડી. જુએ છે તો દૂરથી એક મોટું મોજું કિનારા તરફ ધસી આવે છે. આ જાતનાં મોજાનો ડોસાને અનુભવ હતો. દરિયો ગાંડો બનવાની આ રીતે શરૂઆત થતી. પછી અડધા કલાકમાં આવાં અનેક ખેતરો, પશુઓ તેમજ માણસોને તે ડુબાડી દે. એટલે તો એ લોકો ટેકરી પર રહેતા હતા.

પણ ખેતી તો નીચે તળેટીમાં જ કરવી પડે ને ! દરિયામાં આવાં તોફાન આવે ત્યારે ટેકરીની બીજી બાજુના ખેતરમાં કામ કરતા લોકો ઘણી વખત ડૂબી જતા. આથી આવું મોજું જોતાં ડોસો ધ્રૂજી ઊઠ્યો. એનામાં જોર ન હતું. નીચે દોડી જઈ લોકોને ખબર આપવા જેટલો વખત ન હતો. બૂમ પાડે તો સંભળાય તેમ ન હતું.




અડધા કલાકમાં તો મોજાં ટેકરીને ઘેરી વળશે. ગામનાં બધાં તણાઈ જશે, એ સૌને કેમ બચાવવાં ? વિચાર કરવા જેટલો પણ વખત ન હતો. ડોસાએ ઘરમાંથી ઘાસતેલનો ડબ્બો ખેંચી કાઢ્યો. પોતાના ઘર પર ઘાસતેલ છાંટી એણે દીવાસળી ચાંપી ! જોતજોતામાં ઘર સળગી ઊઠ્યું ! આગના ભડકા ચારેબાજુએ ફેલાવા માંડ્યા.


તળેટીમાં બૂમાબૂમ થઈ ગઈ. આગ ! આગ! સૌ મૂઠીઓ વાળી આગ બુઝાવવા દોડ્યા. બધા લોકો ટેકરી પર પહોંચ્યા ત્યાં તો ઘુઘવાટા કરતું એક જબરદસ્ત મોજું આસપાસ ફરી વળ્યું. તળેટીનાં બધાં ખેતર ડૂબી ગયાં. પરંતુ કોઈ માણસ તોફાનમાં તણાયું નહીં ! ડોસાનું ઘર તો બળીને ખાખ થઈ ગયું, પણ ગામ આખું બચી ગયું.




ડોસાને નુકસાન થયું હતું, પરંતુ તેને ગામલોકોને બચાવવાનો અનહદ આનંદ હતો. આ પ્રસંગ વાંચી આપણને આજેય આનંદ થાય છે !

**બોધ : લોકસેવા અને દેશસેવા માટે લોકોએ મોટાં-મોટાં બલિદાનો આપ્યાં છે. જરૂર પડે આપણે પણ કોઈને મદદરૂપ બનવું જોઈએ.**

# Rajarshi – Brahmarshi



Vishwamitra was once a king but now he had become a rishi. But because he was still proud of once being a king, Vashishta and others would always call him a 'Rajarshi'. Vishwamitra would become furious at this. "I've left my kingdom and am a rishi," he would think, "Why do they insult me by calling me a rajarshi?"

In his rage, one by one, Vishwamitra killed off Vashishta Rishi's 100 sons. Yet, Vashishta did not get angry and continued to call Vishwamitra 'rajarshi'.





Now Vishwamitra thought, "I must kill Vashishta." He snuck up behind Vashishta's grass hut. In front of the hut, Vashishta and his wife Arundhati were speaking. "Look how beautifully the full moon shines," Arundhati said. "It has blossomed as bright as Vishwamitra's penance," Vashishta replied.

Behind the hut, Vishwamitra felt bad for his mistake. “I’ve come to kill him and here he is praising me.” Vishwamitra ran to Vashishta and fell to his feet.







Vashishta raised Vishwamitra and said, “Arise Brahmarshi!” Vishwamitra was surprised, “If you would have called me that from the start I would not have killed your sons. Even today I was here to kill you but heard your praise and realized my mistake.”

Vashishta said, “Today, you have put aside your pride of being a king and have bowed humbly so I have called you a Brahmarshi.” Like Vishwamitra, we too should put aside our ego and be humble.



# "આવું તો આજે જ જાણ્યું !!"

સ્લોથ નામનું પ્રાણી જમીન પર ચાલતાં લથડિયાં ખાય છે. ઝાડ પર ઊંધું લટકીને રહે છે. પણ પાણીમાં કુશળ તરવૈયાની માફક તરે છે.


પ્રાચીનકાળમાં વૈદ્યો ઘા પર કરોળિયાની જાળ લગાવીને ઉપચાર કરતા હતા.

હાથી પોતાનાં સુખ-દુઃખ વ્યક્ત કરવા એકબીજાને સૂંઢથી ભેટે છે. તેની સૂંઢમાં ૫૦,૦૦૦ જેટલા સ્નાયુઓ હોય છે.









બ્રાચીઓસોર્સ નામના પ્રાણીની ડોક એટલી લાંબી હતી કે તે જમીન પર ઊભું રહીને પાંચમા માળની બારીમાં ડોકિયું કરી શકે.







એનાકોન્ડા એક મહિના સુધી ખોરાક વગર ચલાવી શકે છે !

યુરેનસ ગ્રહ પર આશરે ૨૧ વર્ષ સુધી શિયાળો હોય છે.

બકરાં ઝેરી વેલા ચાવી જાય છે, તેમ છતાં તેમને ઝેરની કોઈ જ અસર થતી નથી.


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2A1cK5j



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ